
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




**Vol-1 * Issue-5**

**MARCH-2001**

ફાગણ

માર્ચ-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮


बहुदुःखी बहूपाधिरल्पोपाधिरनाकुलः ।
सन्तुष्टो निर्धनोऽपीष्टे कर्तुं जनहितं वरम् ।।

*

ઘણી ઉપાધિવાળો ઘણો દુઃખી અને ઉપાધિ ઓછી તેમ શાન્તિ વધારે. નિર્ધન છતાં જે સન્તુષ્ટ છે તે જનસેવા વધુ સારી કરી શકે છે. ૩૯

*

The more a person's exertions to satisfy his avarice, expand, the more his agony increases, while the person whose such troubles are less, is happy and peaceful. A contented person, though without wealth, can better do service to the people.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૩૯, પૃષ્ઠ ૧૩૪)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સાચો નવકાર | બટુકભાઈ સી. બોટાદરા | ૧ |
| (૨) | નામ અને ગુણ | લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ૨ |
| (૩) | માણસનો અહંકાર જ્યારે પ્રબળ બને છે ત્યારે તે હિંસામાં પરિણમે છે | મહેન્દ્રભાઈ પુનાતર | ૪ |
| (૪) | ધાર્મિક શિક્ષણની આ હતી સાચી પદ્ધતિ | રાયચંદ મગનલાલ શાહ | ૮ |
| (૫) | ભુકંપ કેમ આવે છે? | ડૉ. નેમિચંદ જૈન | ૧૧ |
| (૬) | વિવિધ વિચાર સરણીઓ | નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૧૪ |
| (૭) | જે નયને કરુણાતર છોડી એની કિંમત ફુટી કોડી | આ. શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ.સા. | ૧૮ |
| (૮) | તીર્થંકરોના જીવનમાં જોવા મળતા દસ અચ્છેરાં ! | કુમારપાળ દેસાઈ | ૨૦ |


### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

રાહુલકુમાર જિતેન્દ્રભાઈ શાહ - સુરત

રજનીકાંત દીપચંદ મહેતા - મલાડ, મુંબઈ-૬૪

રાજેશભાઈ હસમુખલાલ કામદાર - અંધેરી, મુંબઈ-૬૯

સતીષકુમાર નવીનચંદ્ર શાહ - અંધેરી, મુંબઈ-૬૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફ્ટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# સાચો નવકાર છે

ભલા ! આ જિંદગીનો કેવો વ્યવહાર છે.
વૈભવ સુખ ચેનમાં, કષ્ટ પારાવાર છે.
શાંતિનો સંદેશો, કોણ કોને આપશે.
આત્માનો વૈભવ જ સાચો નવકાર છે.
મિત્ર બની શત્રુ, કાયામાં પારાવાર છે.
ફૂંકી ફૂંકીને ડંખ મારનારા એવા અપાર છે.
સ્વાર્થના સરવાળા, બાદબાકી કોણ કરે.
સાચા નફાનું સરવૈયું, એક જ નવકાર છે.
દેવ દેરાસરો બહુ વધ્યા, ભીતરની શાંતિ ક્યા છે.
આ તો છે શાંતિનું નગર, તેનો આ ભાસ છે.
મૃગજળ પાછળ દોડ્યા કરું, નથી પાણીનો છાંટો.
સાચો અમૃતનો સાગર, ફક્ત નવકાર છે.
સત્સંગ ચારે કોર છે, ઢોલનગારાનો શોર છે.
કોણ કોનું સાંભળે, ચારે કોર બકોર છે.
સત્ય સમજાયું નહીં, આત્માનું ગણકાર્યું નહીં.
શાંતિનો પૈગામ હવે ફક્ત નવકાર છે.
આ સફર છે, કેવી વિસામો ગામે ગામ છે.
ક્યાંથી આવ્યો ક્યાં જવું છે, ક્યાં તારું મુકામ છે.
રાગ, દ્વેષ, મોહનાં પોટલાનો ભાર ક્યારે ઊતરે.
ચોર્યાસીના ફેરા છૂટવા, સારથિ નવકાર છે.
સાથે મુસાફરી કરી, સ્નેહથી સૌ મલકાય છે.
આવતાં મુકામ સૌ પોતાના રસ્તે ફંટાઈ છે.
શિકાયત કોને કરું, સાંભળનારું અહીં કોણ છે.
સાચો સહારો બસ એક જ નવકાર છે.

*રચયિતા : શ્રી બટુકભાઈ સી. બોટાદરા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નામ અને ગુણ

ભગવાન બુદ્ધ પાસે એક વખત એક માણસ આવ્યો અને બોલ્યો, 'પ્રભુ! મારા જીવનમાં એક મુસીબત ઊભી થઈ છે. આપ મને કંઈક માર્ગદર્શન આપો!'

'વત્સ મુસીબત વિનાનું જીવન જ અશક્ય છે. મુસીબતો જ માનવીના સામર્થ્યને વિકસાવે છે. છતાં તારી મુસીબત કઈ છે તે કહે.'

'ભન્તે! મારું નામ પાપક છે. મને મારા આવા નામ બદલ અત્યંત ખેદ થાય છે'

'વત્સ નામનું મહત્વ શું છે? કામ થકી જ નામની મહત્તા વધે છે કે ઘટે છે. તારું કામ ઉત્તમ હોય તેવો પ્રયત્ન કરીશ તો તારી મુસીબત જરૂર ઓછી જશે.'

'પરંતુ પ્રભુ! જગત તો મને નામથી જ ઓળખે છે અને નામથી જ સંબોધે છે. ''પાપક'' તે વળી કાંઈ નામ છે?'

ભગવાન બુદ્ધને લાગ્યું કે પાપકને પોતાના નામ માટે ઊંડો ખેદ છે અને તે કોઇપણ રીતે મારી વાત સ્વીકારવા તૈયાર નહિ થાય. એટલે તેમણે વાત બદલતાં કહ્યું :

'ભલે, તો તું એક કામ કર....'

'આજ્ઞા કરો, પ્રભુ....'

'તારે ક્યું નામ જોઇએ છે તે કહે....તારું નામ બદલીને નવું નામ આપી દઉં.'

'આપ જ મને કોઈ સારું નામ આપો'

'નહિ વત્સ! એમ કર. તું નગરમાં ઠેર ઠેર ફરીને જુદા જુદા લોકોને મળી જો. તેમનાં નામ પૂછી જો. એ બધાં નામ જાણ્યા પછી તને યોગ્ય લાગે તે નામ રાખી લઇશું.'

'ભલે, પ્રભુ! એમ કહીને પાપક પ્રભુને વંદન કરીને નગરમાં લોકોને મળવા ગયો.'

પાપક નગરમાં ફરતો ફરતો એક નાની દુકાન પાસે આવીને ઊભો રહ્યો. દુકાનમાં ધૂપ, દીપ, ચંદન, અગરબત્તી વગેરે વેચાતું હતું. તેણે દુકાનના માલિક સામે જોયું દુકાનદારે કપાળમાં ચંદનનું મોટું તિલક કર્યું હતું. તેણે દુકાનદારને પૂછ્યું, 'ભાઈ' તમારું નામ શું છે? આ દુકાન તમારી છે?'

દુકાનદારે જવાબ આપતાં કહ્યું, 'મારું નામ તો સુતરચંદ છે પણ હું સૂતરનો ધંધો કરતો નથી અને આવો બધો પૂજાપો વગેરે વેચવાનું કામ કરું છું અને કપાળમાં તિલક કરું છું માટે હવે લોકો મને તિલકચંદ કહે છે.'

પાપક વિચાર કરતો આગળ ચાલ્યો. રસ્તામાં તેને એક ભિખારણ જેવી લાગતી સ્ત્રી મળી. પાપકે તેને ઊભી રાખી અને પૂછ્યું, 'તારું નામ શું છે? તું અહીં કેમ ઊભી છે?'

પેલી સ્ત્રી રડમસ અવાજમાં બોલી, 'શું કરું ભાઈ? મારું નામ તો ધનલક્ષ્મી છે પણ ઘરમાં બે ટંક ખાવાનું ય મળતું નથી. અહીં મંદિર પાસે ઊભી રહીને ભીખ માગું છું. કોઈ દયાળુ માણસ પાઇ-પૈસા આપી જાય તો છોકરાનું તો પેટ ભરાય!'

પાપક વિચારવા લાગ્યો, 'આ તે કેવું! નામ ધનલક્ષ્મી અને ખાવાના ય સાંસા!'

છતાં હજી એના હૈયે ધીરજ ખૂટી નહોતી.

એ આગળ ચાલ્યો રસ્તામાં એક મહાશય દોડતા જતા દેખાયા. પાપકે કહ્યું 'ભાઇ, જરા થોભો!'

'ના મારે ઉતાવળ છે.'

'પણ તમે ક્યાં જઈ રહ્યા છો? તમારું નામ શું?'

'હું જંગલમાં લાકડા કાપવા જાઉં છું. મારું નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીરજલાલ છે. ઘેર મહેમાન આવવાના છે તેથી ઉતાવળમાં છું!'

અચરજની વાત છે ને! નામ ધીરજલાલ પણ સ્વભાવમાં તો જરાય ધીરજ નથી! આમનું નામ તો રઘવાયાલાલ હોવું જોઇએ! એમ વિચારીને પાપક વળી આગળ ચાલ્યો.

રસ્તામાં એને એક ગુરુજી મળી ગયા. એ ગુરુજીનું નામ શાંતિલાલ હતું. પાઠશાળામાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા. પરંતુ એમની ઉંમર થઇ. દીકરાને પરણાવ્યો વહુ આવી. ઘરમાં ઝઘડા ચાલ્યા. દીકરો-વહુ અલગ રહેવા લાગ્યાં. પત્ની મૃત્યુ પામી હતી. પાપકે વિચાર્યું કે આ ગુરુજીનું નામ ભલે શાંતિલાલ હોય, પણ એમના જીવનમાં તો ભારે અશાંતિ હતી!

પછી તો એ જેટલા લોકોને મળ્યો, તે દરેક નામમાં તેને નવાઇપૂર્ણ વિરોધાભાસ જોવા મળ્યો!

એક ઠાઠડી જતી હતી. પાપકે ડાઘુઓને પૂછ્યું કે આ કોણ મૃત્યુ પામ્યું? તો ડાઘુઓ બોલ્યા, 'અમરભાઈ મરી ગયા છે!'

એક હસમુખલાલને એણે ધ્રુસકે ધ્રુસકે રડતા જોયા.

એક ભાઈનું નામ હરિભાઈ હતું, પણ એ એવા ક્રૂર દેખાતા હતા કે એમનું નામ રાક્ષસભાઈ જ શોભે!

પાપક જ્યાં જતો ત્યાં તેને આવા વિચિત્ર અનુભવો થતા!

છેવટે તે પ્રભુ પાસે આવ્યો અને બોલ્યો, 'પ્રભુ! આપની વાત સાચી છે. નામ હંમેશાં ગુણથી જ શોભે છે અને સાર્થક બને છે. હવે મને મારા નામનો કોઈ જ અફસોસ નથી. મારું નામ ભલે પાપક હોય, પરંતુ હું પુણ્યકાર્ય કરીને મારા જીવનને પુણ્યનાં ઓજસથી છલકાવી દઇશ.'

*(લેખકશ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)*

*




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસનો અહંકાર જ્યારે પ્રબળ બને છે ત્યારે તે હિંસામાં પરિણમે છે

**લેખક : મહેન્દ્રભાઈ પુનાતર**

ધન, કીર્તિ અને વિજય જીવનમાં મળે ત્યારે માણસે વધુ નમ્ર અને વિવેકી બનવું જોઇએ. જો આ અંગે અહંકાર ઊભો થાય તો મેળવેલ સિદ્ધિ પર પાણી ફરી વળે છે. માણસને દરેક કાર્ય માટે માન, ચાંદ અને પ્રસિદ્ધિ જોઇએ છે. કોઇક જગ્યાએ નામનો ઉલ્લેખ ન થાય, જાહેરાત ન થાય તો ઉત્સાહ મંદ પડી જાય છે. માનવ મનની આ મોટી નબળાઈ છે. માણસને માન, ચાંદ અને કીર્તિનો મોહ છૂટતો નથી. વધુ ને વધુ મેળવવાની ઝંખના ઊભી થાય છે. જૂઠી શાન, શોભા અને શોહરત લાંબો સમય ટકતી નથી.

ધન અને કીર્તિની કામનામાં એક મર્યાદા છે. આ મર્યાદાને જે માણસ ઓળંગે છે તેને ધન અને કીર્તિ પરેશાન કરી મૂકે છે. માણસ પાસે પૈસો આવે એટલે છકી જવું જોઇએ નહીં પરંતુ નમ્ર બનવું જોઇએ. વૃક્ષને જ્યારે ફળ આવે છે ત્યારે તે ઝુકી જાય છે. જે લોકો સત્કૃત્યો અને નિષ્ઠાપૂર્વક સેવા કરે છે તેની સુગંધ ચોમેર પ્રસરે છે, તેને માટે ઢોલનગારા વગાડવા પડતા નથી. કીર્તિ આપોઆપ તેના કદમ ચૂમે છે પરંતુ જે લોકો અધૂરા ઘડા હોય છે એ છલકાતા હોય છે. સાચા અને સારા માણસોને છીપના મોતીની જેમ શોધવા પડે છે, ઢંઢેરો પીટવાવાળા માણસો તો ઢેઢે પીટાતા હોય છે.

સંસારમાં એ માણસને જ સાચો વિજય મળે છે જે પોતાના અહંકારનો લોપ કરી શકે છે. અભિમાન આ જગતમાં કોઇનું ટક્યું નથી અને ટકશે નહીં. જીવનમાં જે કાંઈ મળે છે તે પ્રભુની કૃપા છે. તેનો સદ્‌ઉપયોગ કરવો જોઇએ અને સમભાવ રાખવો જોઇએ. માણસ ગમે તેટલો મોટો હોય, પોતાને શહેનશાહ અને સર્વોપરી સમજતો હોય પરંતુ તેણે વિષયો પર, કષાયો પર, અને પોતાની જાત પર કાબુ મેળવ્યો નથી ત્યાં સુધી એ ગુલામ છે.

માણસને પરેશાન કરનારા મુખ્ય ત્રણ બળો છે એક મમત્વ, બીજું આસક્તિ અને ત્રીજું તૃષ્ણા. માણસ કોઈપણ ચીજ પર વધુ પડતી આસક્તિ રાખે અને તેને મેળવવાની ઇચ્છા રાખે છે ત્યારે તે પોતાને દુ:ખની ગર્તામાં, અશાંતિમાં ધકેલી દે છે. ઇચ્છાઓ અનંત છે તે કદી તૃપ્ત થઈ શકતી નથી. એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી ઇચ્છા ઊભી થવાની. માણસ જ્યારે પોતાને બીજાનાથી શ્રેષ્ઠ માનવા લાગ્યો અથવા બીજા પાસે હોય તેના કરતા અધિક મેળવવા મથે ત્યારે સંસારની સમતુલા ડગવા માંડે છે. વ્યક્તિગત અહંકાર જયારે પ્રબળ બને છે ત્યારે તે હિંસામાં પરિણમે છે. માત્ર કોઈનો જાન લઈને જ હિંસા થતી નથી. મન અને વચનથી પણ હિંસા થતી હોય છે. કોઇને કટુ વચન કહીને, તેના મનને દુભાવીને અથવા કોઈના પ્રત્યે રાગ-દ્વેષ રાખીને હિંસા થતી હોય છે. ચિત્તમાં રહેલી આવી હિંસાત્મક લાગણીઓના પરિણામે આપણે સતત વેદના અનુભવતા રહીએ છીએ. આ આંતરિક સૂક્ષ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસાને કારણે માંદગીનો, ગરીબીનો, મૃત્યુનો અને એકલા પડી જવાનો ડર પેદા થાય છે. આ તમામ પીડા આપણે તનથી નહીં પરંતુ મનથી ભોગવીએ છીએ. મનમાં ચાલી રહેલી આ હિંસાનો જન્મ ઇચ્છાઓમાંથી, વાસનાઓમાંથી થાય છે. આ ઇચ્છાઓ આપણને જીવનભર પરેશાન કરી મૂકે છે અને મનની શાંતિને હણી નાખે છે.

કોઈપણ સારું કામ કરીએ ત્યારે તે માટે ઢોલનગારા પીટવાની જરૂર નથી. સત્કાર્યોમાંથી જે બદલાની આશા રાખે છે તેને કશું મળતું નથી. કશુંક પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કોઈ કાર્ય કરીએ પછી ભલે તે ધર્મનું ઉમદા કાર્ય હોય તો પણ એળે જાય છે.

ચીનમાં વુ નામનો એક રાજા થઈ ગયો. તેણે અનેક મંદિરો, ધર્મસ્થાનકો અને સદાવ્રતો બંધાવ્યા હતા. ધર્મની પ્રભાવના માટે તેણે જ કાંઈ કરવું જોઇએ તે બધું કર્યું છે. ધર્માત્મા તરીકે તેની કીર્તિ ચોમેર પ્રસરી હતી. તેના જેવો ધર્માત્મા અને દાનવીર મળવો મુશ્કેલ હતો. તેના આંગણે આવેલો કોઇપણ ખાલી હાથે પાછો જતો નહીં. બીજાના દુઃખ અને દર્દ જોઇને તે દ્રવી ઉઠતો હતો અને તેને બનતી સહાય કરતો હતો. લોક તેને દેવ તરીકે પૂજતા હતા.

એક મોટા સંત મહાત્મા આ રાજાને આંગણે પધાર્યા હતા. તે તેના દર્શનાર્થે ગયો અને સંતના ચરણોમાં મસ્તક ઝુકાવીને પોતાની આ બધી સિદ્ધિઓનું વર્ણન કર્યું અને મહાત્માને પૂછ્યું. 'મેં આ બધું કર્યું એનો મને શો બદલો મળશે?

મહાત્મા તેની સામે એકીટશે જોઈ રહ્યા. રાજાને થયું હમણાં મહાત્મા કહેશે કે 'તારે માટે સ્વર્ગમાં સોનાના મહેલો હશે.'

મહાત્માએ એક ક્ષણ થોભીને કહ્યું 'તે પ્રશ્ન પૂછ્યો છે એટલે કહીં દઉં કે 'તને કશું મળશે નહીં.'

રાજાને આઘાત લાગ્યો. તેના દુઃખનો પાર ન રહ્યો. તેને થયું મેં ધર્મના માટે આટલું બધું કર્યું અને મને કશું મળશે નહીં.

મહાત્માએ કહ્યું, તે બદલાની આશા રાખી એટલે તને જે મળવાનું હતું તે પણ નહીં મળે. સત્કાર્યો પછી બદલાની આશા રાખે છે તેને કશું મળતું મથી. સત્કાર્યો પછી કાંઇક મેળવવાની આશા અને અપેક્ષા રાખવી એ પાપ છે. તે જે કાંઈ કર્યું છે તે ભૂલી જા. નહીંતર તું મારા સત્કાર્યોના બોજા હેઠળ કચડાઈ જઇશ. માત્ર પાપનો બોજો માણસને કચડે છે એવું નથી, સત્કાર્યોનો બોજો પણ માણસને કચડી નાખે છે. ઘંટીના પડની જેમ તે ગળે વળગી જાય છે. આ વળગણ દૂર કરીને હળવોફુલ જેવો બની જા. તે આ બધું કર્યું છે એ જે દિવસે તું ભૂલી જઇશ ત્યારે તને જે સંપદા મળશે તેની સરખામણીમાં દુનિયાની બીજી કોઈ ચીજની કશી કિંમત નહીં હોય.

આપણે માણસો વાતવાતમાં ફુલાઈ જઇએ છીએ. નાનું એવું કામ કર્યું હોય તો પણ બણગાં ફુંકીએ છીએ, અભિમાન કરીએ છીએ અને તેમાંથી જેટલો લાભ ઉઠાવી શકાય એટલો ઉઠાવીએ છીએ. કીર્તિ અને માનની અપેક્ષા રાખીએ છીએ. કોઇપણ જાતની ઇચ્છા અને અપેક્ષા વગર નિઃસ્વાર્થ ભાવે જો સેવા અને સત્કૃત્યો થઈ શકે તો તેનું મૂલ્ય છે. બદલાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાથી જે કાર્ય થાય છે તેનું ફળ મળતું નથી.

જીવનમાં કશું આપવું નથી, છોડવું નથી અને પ્રાપ્ત કરી લેવું છે અથવા થોડું આપીને વધુ મેળવવાની અપેક્ષા રાખવી છે એવી મનોવૃત્તિ માણસને ગરીબ અને લાચાર બનાવી નાખે છે. દરેક માણસ પોતપોતાની રીતે કાંઈ હોય તેમાંથી બીજાને આપી શકે છે, ત્યાગ કરી શકે છે. જેટલું તે આપી શકે છે તેટલી તેની સમૃદ્ધિ અને જેટલું નથી આપી શકાતું તે તેની કૃપણતા છે. જે માણસ હાથ સંકોરી રાખે છે તે જીવનમાં ગુમાવે છે.

આપણું જીવન પણ કૃપણ જેવું છે આપવાની વાત આવે ત્યારે જીવ ચાલતો નથી. છોડવાનું આવે ત્યારે ભિખારી જેવા બની જઈએ છીએ અને લેવાની વાત આવે છે ત્યારે અઢળક મળે તો પણ તૃપ્તિ થતી નથી. કુદરતના તમામ તત્ત્વો આકાશ, ધરતી, પર્વતો, ઝરણાઓ, નદીઓ, વૃક્ષો કાંઈક ને કાંઈક આપે છે, મેળવવાની અપેક્ષા રાખતા નથી. તેમનો ધર્મ આપવાનો છે. આ જ તેના અસ્તિત્વની ઓળખાણ છે, આ જ જીવનનું સૌંદર્ય છે.

*(મુંબઈ સમાચાર તા. ૧૦-૫-૯૮ના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

| | | |
|---|---|---|
| મનહરભાઈ એચ. વ્યાસ | નિરંજનભાઈ ડી. દવે | વેણીલાલ એમ. પારેખ |
| જનરલ મેનેજર | મેનેજિંગ ડીરેકટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ

તપ એટલે અનેક પ્રકારની સહનશીલતા. સુખડને જેમ જેમ ઘસીએ તેમ તેમ તેમાંથી શીતળતા અને સૌરભ મળે, એવી જ રીતે આપણા દેહને–જાતને કોઈ શુભ કાર્ય માટે ઘસી નાખીએ અને તેમાંથી જે સુગંધ પ્રસરે એ પણ સાચું તપ.

તપ એટલે આત્માના મેલને સાફ કરનાર સાબુ. તપ એટલે યોગરૂપી મહેલ ઉપર ચડવા માટેની લીફટ, માટે શુદ્ધ તપનું આચરણ કરી કલ્યાણ સાધો.

*****

માનથી તારે જીવવું હોય તો
અન્યતણાં અપમાન તજી દે,
સ્નેહતણાં સરબતને સ્વીકારી,
દ્વેષતણા વિષપાન તજી દે;
જીવન ફાની ને દેહ વિનાશી,
બંને પરની પ્રીત નકામી.
આત્મા અમર છે એટલું જાણી,
આત્મતણા અજ્ઞાન તજી દે.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધાર્મિક શિક્ષણની આ હતી સાચી પદ્ધતિ

—શ્રી રાયચંદ મગનલાલ શાહ
૧૨, રામવિહાર, રોકડીયા લેન, બોરીવલી (વે.) મુંબઈ-૯૨

પચાસ વરસ અગાઉ જૈનોને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની તમન્ના હતી, પીપાસા હતી, જીવનમાં એની જરૂરિયાત લાગતી. પોતાના બાળકોને સંપત્તિનો વારસો દેવાની ભાવના જેટલી જ એના આત્માના કલ્યાણનો, ધાર્મિક જીવનનો સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો આપવાની, સમ્યગ્જ્ઞાનનો વારસો આપવાની ભાવના વિશેષ રહેતી.

ધન સંપત્તિનો વારસો ક્ષણિક છે. પરંતુ સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન જો બાળકમાં થયું હશે, તો એના આત્માનું કલ્યાણ. ભવોભવના સુખનો વારસો મારા પુત્ર-પુત્રીઓ આદિ સંતાનોને આપું એવી સાચી સમજણ માતા-પિતામાં હતી. એને માટે જેટલી કાળજી વહેવારિક કેળવણી માટે રાખતાં એનાથી વધારે કાળજી ધાર્મિક શિક્ષણ, ધાર્મિક સંસ્કાર અને પવિત્ર જીવન માટે રાખવામાં આવતી હતી.

અને બાળકોમાં પણ એ પ્રાપ્ત કરવાની લગની લાગતી. ઉત્સાહ હતો. જ્ઞાન મેળવવાની પીપાસા હતી. બાળકો હોંશે હોશેં પાઠશાળામાં જતા-રેડીઓ કે ટી.વી. એ જમાનામાં હતા જ નહિં. વહેવારિક કેળવણીનો બોજો આજના જેવો એ વખતે ન હતો. અંગ્રેજો અને દેશી રાજાઓનું રાજય હતું. રાજકીય કોઈ પ્રોબ્લેમ નહોતા. છાપાઓ બહુ અલ્પ પ્રમાણમાં વંચાતા. લોકો ધાર્મિક પુસ્તકો વાંચતા. સામાયિક કરીને વાંચતા. મોટી ઉંમરના માણસો પણ ભણતાં. ખાસ કરીને મુખપાઠ કરતા. સૂત્રોની ગાથાઓ, સ્તુતિ, સ્તવન, સજઝાય ઇત્યાદિ મોઢે કરતા-નાના બાળકોમાં તો યાદ શક્તિ ઘણી જ હોય, કોઈ કોઈ તેજસ્વી બાળકો એકવાર સાંભળે કે વાંચે ત્યાં એને યાદ રહી જતું. પાઠશાળાઓ ભરચક રહેતી. સવાર-બપોર-સાંજ મોટી ઉંમરના બહેનો બાળાઓ અને બાળકો સેંકડોની સંખ્યામાં અભ્યાસ કરતા, સંસ્કારી બનતા-ધાર્મિક જ્ઞાનના ઊંડા મર્મને જાણવાવાળા બનતા. જીવનમાં ધર્મને ઉતારતા.

શિક્ષકો (શિક્ષક અને શિક્ષિકા બહેનો) ની તો જેટલી પ્રશંસા કરીએ, તેટલી ઓછી જ. ધાર્મિક શિક્ષકો સાચા ધર્મના, રંગે રંગાએલા હતા. લોભ લાલચનું નામ નિશાન ન હતું. એને ભણાવવમાં હોંશ હતી, ભણાવવામાં એક નવકારનું દાન દેવામાં ભવોભવના પોતાના પાતક ખપી જાય છે, એની સમજણ હતી. વરસો સુધી બાળકોને ધર્મ-જ્ઞાનનું દાન આપવાથી મને કેટલો લાભ મળે? પૈસાથી એનું મૂલ્ય ન કરાય અને ન મુલવાય, એને ન વેચાય. ગાંધીજીએ પણ કીધેલું કે 'વિદ્યા વેચવાની ચીજ નથી વિદ્યા વેચાય નહીં.' જ્ઞાન દાતા બદલાની ઇચ્છા રાખે જ નહિં. અને જો રાખે તો ચિંતામણી રત્નના બદલામાં કાચના કટકા મેળવવા જેવી મૂર્ખાઈ ગણાય. શિક્ષકોમાં પોતાના જ્ઞાન લક્ષ્મીની ખુમારી રહેતી. અક્ષુદ્રપણાનો ગુણ એનામાં હતો. ધાર્મિક શિક્ષક ભીખ માંગે નહિં, ભીખની ભાવના પણ મનમાં લાવે નહીં. ભીખ લે નહીં. અણ હક્કનું કે અનીતિના ધનને અડે પણ નહીં. આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિએ સદાય વિચારતા અને શાંતિમય-સમતામય ઉચ્ચ પ્રકારનું જીવન જીવતા-આનંદ માણતા.

પાંચમું વરસ બેસતાં બાળક પાઠશાળામાં પ્રવેશ કરતો. મહિનામાં બે ચૌદશની રજા પડતી. શિક્ષકો બે અઢી કલાક સુધી ભણાવતા. બાળકો પાઠશાળામાં જ ગાથાઓ ગોખતા. બધા બાળકોની ગાથાઓ પૂરી ન થાય ત્યાં સુધી પાઠશાળા ચાલતી. એક કલાકની નોકરીનો રીવાજ ન હતો.

પરીક્ષા વરસમાં બે વખત લેવામાં આવતી. મહેસાણાથી પરીક્ષકો આવતા. માત્ર મૌખિક પરીક્ષાનો જ રીવાજ હતો. લેખિત પરીક્ષા વગેરે લેવામાં આવતી નહીં. સૂત્રો વિગેરે જીવનમાં લખવાની જરૂર પડતી નહીં. બાળકો બે-ચાર વરસોમાં એટલે આઠ નવ વરસનાં થાય ત્યાં તો પાંચ પડિક્કમણાં સુધી મોઢે કરી નાખતા. સૂત્રો મુખ પાઠ સહેલાયથી કરતા. પણ શુદ્ધ ઉચ્ચારો સહિત સૂત્રો વિગેરેમાં એક કાના-માત્ર કે અનુસ્વરની ભૂલ પડતી નહીં. એના મૂળભૂત રાગ-રાગીણી અને પ્રાસ બદ્ધ રીતે બોલવામાં ગૌરવ માનતા. વેઠ ઉતારવાની વાત જ નહીં.

પ્રથમ બે પ્રતિક્રમણ સુધી પછી પંચ પ્રતિક્રમણ સુધીના સૂત્ર પૂરેપૂરા કંઠસ્થ કરાવવામાં આવતા સાથે સાથે જરૂરિયાત મુજબ ચૈત્યવંદનો, સ્તવનો, સજઝાયો, થોયો, સ્તુતિઓ કરાવાતી.

અર્થ અને ભાવાર્થ મૌખિક રીતે સમજાવતા-પરંતુ એની પરીક્ષા કે માર્કસની લપમાં પડવામાં આવતુ નહિં. સાદી સમજણ બાળકોના મગજમાં બરાબર બેસી જતી. સતેજ યાદશક્તિ, તીવ્ર બુદ્ધિ અને તમન્નાને લીધે બાળકોને રસ પડતો. જીવન પર્યંત આ ભણેલું ભૂલતો નહિં. આનંદથી ભણતા-કંટાળો આવતો નહિં-વળી એ જમાનામાં બાળકોને પ્રભાવના ખૂબ જ થતી-શુદ્ધ કેસરના પેંડા માત્ર છ આને શેર મળતા! દાડમ-જમરૂખ-કેરી જેવા ફળો, જુદી-જુદી મીઠાઈઓની પ્રભાવના મહીનામાં પંદર દિવસ થતી. બાળક તો પ્રભુનો પયગંબર છે. સૂત્રો સાથે સાથે વિધિઓ, દર્શન, પૂજા, સ્નાત્ર, સ્તુતિઓ, ચૈત્યવંદન, સામયિક, પૌષધ, આદિમાં બાળક નિષ્ણાંત બની જતો. દશ બાર વરસની ઉંમર સુધીમાં આટલે સુધી પારંગત થઈ જતો.

એટલું જ નહિં પણ દાન ધર્મ, વૈયાવચ્ચ, સેવા, સુશ્રુષા ઈત્યાદિ એની રંગેરંગમાં વ્યાપી જતાં. ભાવના ઉચ્ચ બની જતી અને અમલમાં મુક્તાં. એ જમાનામાં જીવદયાના સંસ્કાર તો ગળથુંથીમાં મળતા. પાણી ગળવાની પદ્ધતિ, અનાજ સાફ સૂફ કરવાં, ઘરમાં કોઈ પણ ઠેકાણે કીડી મકોડી કે જીવજંતુ મરી ન જાય એની કાળજી ખૂબ જ લેવામાં આવતી. પાણીનો બગાડ થતો નહિં. એટલે જીવદયાના સંસ્કાર ઘરમાંથી જ પડતા. પાણી કુવામાંથી સીંચીને લાવતા. બાળકો પ્રતિક્રમણમાં મોટા સૂત્રો સુંદર ભાવવાહી અને શુદ્ધ ઉચ્ચારે રાગ રાગીણી સાથે હિંમતપૂર્વક બોલતા. મોટા અતિચાર, લઘુશાંતિ, મોટીશાંતિ, થોય, સ્તવન, દશ બાર વરસના બાળકો બોલતા.

અરે, પર્યુષણમાં સત્તાવીશ ભવનું સ્તવન, હાલરડું, પંચકલ્યાણનું સ્તવન બહેનો નેમજીનો શલોકો ઈત્યાદિ બોલનારા સારી સંખ્યામાં નીકળતા. એટલું સુંદર રાગમાં મધુર કંઠે બોલતા કે સાંભળનારા મંત્ર મુગ્ધ થઈ જતા. આ હતી આપણી પહેલાની શિક્ષણ પદ્ધતિ. જે ખૂબ ઉપયોગી હતી. વર્તમાન યુગમાં આપણી પાઠશાળાઓમાં જો આ પદ્ધતિઓ અપનાવાય તો જરૂર સાચું પરિણામ જોવા મળે.

પ્રિય વાચકગણ! આ લેખ વાંચી આપનો અભિપ્રાય લખી મોકલવા કૃપા કરશોજી. *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાત ક્ષેત્રમાં સીંચો

કચરાને એકત્રિત કરી ઘરમાં રાખી મૂકશો તો તે ગંદકી પેદા કરશે. એમાં કીડા ખદબદશે. જો તે ગંદકીને ખેતરમાં નાંખી દેવામાં આવે તો તે ખાતર બની નવી ફસલ તૈયાર કરશે. ગંદકી જિંદગી બની જશે.

ધનની પણ આ જ સ્થિતિ છે. તેને તિજોરીમાં સંઘરી રાખવામાં આવશે તો તેમાં મમતાના કીડા ખદબદશે. તમારા ધનને શાસનના સાત ક્ષેત્રમાં સીંચી દો, તો નવી સૃષ્ટિનું સર્જન થશે.

卐

ધન-વૈભવ પાકર, અગર સેવા કિસીકી કર ન શકા,
દયા ભાવ લાકર, દુઃખી દિલોંકે જખ્મોકો જો ભર ન શકા;
વાહ માનવ અપને જીવનમેં, શાંતિ કહાંસે પાયેગા ?
ઠુકરાતા હૈ ઔરોંકો, વહ સ્વયં ઠોકરે ખાયેગા.

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભુકંપ કેમ આવે છે?

લેખક : ડૉ. નેમીચંદ જૈન (ઇન્દોર)
અનુવાદક : ચીમનલાલ કલાધર (મુંબઈ)

સામાન્ય રીતે ભુકંપ ધરતીની સપાટી પર ધરતીના ગર્ભમાં થતી ચિરાડના કારણે અથવા જવાળામુખીના પરિવર્તનના કારણે થાય છે. આ સંબંધમાં પૌરાણિક કલ્પનાઓની સાથે વૈજ્ઞાનિક કારણો પણ છે. સન ૧૮૫૬ની આસપાસ ભારતીય ભુકંપોનું અધ્યયન-અનુસંધાનનો સિલસિલો શરૂ થયો. ડબ્લ્યુ ટી. બ્લેડફોર્ડ, ફ્રાંસિસ ફેડન, એડ્યુઅર્ડ સ્પૂસ, અસ્ફ્રેડ બેઝનર, ટી ઓલ્ધમ અને આર. ડી. ઓલ્ધમે આ ક્ષેત્રમાં અપૂર્વ યોગદાન આપ્યું. ચાર્લ્સ ફ્રાંસિસ રિફ્ટરે ભુકંપની તીવ્રતા માપવા માટેના સ્કેલને વિકસિત કર્યો. તેથી તે 'રિફ્ટર સ્કેલ'ના નામથી સુપ્રસિદ્ધ બન્યો.

વસ્તુતઃ ભુકંપના તરંગોના અધ્યયને વૈજ્ઞાનિકોને ધરતીની આંતરિક હિલચાલ સમજવામાં મોટી સહાય કરી. ભુકંપના આ તરંગોને પ્રથમ અને દ્વિતીય એમ બે શ્રેણિમાં વહેંચવામાં આવ્યા અને વિશ્વના તમામ ભુકંપોનો અત્યંત બારીકાઈથી અભ્યાસ કરવામાં આવ્યો. પરંતુ આ તથ્યની એક આમ આદમીએ ઉપેક્ષા કરી દીધી. કોઈ પણ કાર્યના પ્રભાવનું માત્ર એક જ કારણ હોઈ શકે નહિ પરંતુ ઘણા કારણો હોઈ શકે. તેણે વૈજ્ઞાનિકોના માત્ર વિજ્ઞાન સંબંધી નિષ્કર્ષોને માની લીધા તેથી અન્ય નિષ્કર્ષ અને કારણો તેની પાસે પહોંચ્યા નહિ યા પહોંચાડવામાં આવ્યા નહિ.

ભુકંપોની પણ આ સ્થિતિ છે. ભુકંપ આવવાનું માત્ર એક કારણ જ નથી. આપણે જે કારણો જાણીએ છીએ તે તો ઠીક પણ અન્ય અનેક કારણો પણ છે. વિજ્ઞાનની વિશેષતા એ છે કે તે ક્યારેય કોઈ પણ સ્થિતિમાં કોઈ પણ અભ્યાસ કે સંશોધનને અંતિમ નહિ માને. અને ભાવિ સંભાવનાઓ માટે પોતાના દ્વાર હંમેશા ખૂલ્લા રાખશે.

ભુકંપને લઇને જે અભ્યાસ થયો છે તેની જ્યારે આપણે ક્રમબદ્ધ સમીક્ષા કરીએ છીએ ત્યારે ફલિત થાય છે કે એક તરફી છે. તેમાં માત્ર પાર્થિવ અને વૈજ્ઞાનિક સ્થિતિઓ ઉપર જ વિચાર કરવામાં આવ્યો છે. અને એ સ્થિતિઓની ઉપેક્ષા કરવામાં આવી છે કે જે વિજ્ઞાનની સીમાથી બહાર નીકળી ગઈ છે. સન ૧૯૯૫માં દિલ્હી યુનિવર્સિટીના ડૉ. મદનમોહન બજાજ, ડૉ. એમ. એસ. એમ. ઈબ્રાહિમ અને ડૉ. વિજયરાજ સિંહ એ ત્રણે વૈજ્ઞાનિકોએ સૂજડલ (રશિયા)ના કતલખાનામાં ઉત્પન્ન ભૂરેખીય પ્રત્યક્ષ પીડા-તરંગોના પરસ્પરનો પ્રભાવ (Interaction of abattoir generates non-linear elastic pain waves in rocks) પર પ્રયોગશાળામાં પ્રયોગ કર્યો હતો. તેમણે દુનિયાની સામે એક નવી ધારણા પ્રસ્તુત કરી અને અત્યંત આશ્વસ્ત ભાવથી પ્રસ્થાપિત કર્યું કે ભુકંપોનું કારણ હિંસા, હત્યા, ક્રુરતા, કતલખાના અને યુદ્ધ છે. જો એને બંધ અથવા ઓછું કરવામાં આવે તો સિમિત થઈ જશે અને તેની તીવ્રતા પણ મંદ થઈ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનો આ તર્ક કાલ્પનીક નથી પરંતુ તમામ વૈજ્ઞાનિકોનો આ શમાન નિષ્કર્ષ છે. આ ત્રણે વૈજ્ઞાનિકો ભુકંપની પ્રક્રિયા તરફ સતત સજાગ અને ચિંતીત રહ્યા છે.

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનના 'પીળા-તરંગો' (EPW)ના સિદ્ધાંતની આપણે કોઈ પણ હાલતમાં ઉપેક્ષા નહિ કરી શકીએ. આઇન્સ્ટાઇનની પીડા સંસારની પીડાની સર્વોચ્ચ તીવ્રતા છે. એ ત્યારે અસ્તિત્વ ગ્રહણ કરે છે જ્યારે પશુ-પક્ષીઓ અથવાં કોઈ પણ પ્રાણીને કતલખાનામાં કતલ કરી નાખવામાં આવે છે. આ દૃષ્ટિથી આ ત્રણે વૈજ્ઞાનિકો દ્વારા ઓક્ટોબર-૧૯૯૫માં લખાયેલ નૂતન પુસ્તક Etiology of Earth Quakes-A New Approach (ભુકંપોનુ કારણ વિજ્ઞાન-એક નવી વ્યાખ્યા) ભુકંપ વિજ્ઞાનના ક્ષેત્રમાં એક નવીન પ્રકરણ ઉઘાડે છે. આ બહુમૂલ્ય કૃતિમાં આ વૈજ્ઞાનિકોએ જે કંઈ કરવું છે તેની ઉપેક્ષા કરવામાં આવશે અગર વ્યાપારિક, રાજનૈતિક અથવા અન્ય કોઈ કારણોથી તેનું વિશેષજ્ઞો દ્વારા વસ્તુનિષ્ઠ પરીક્ષણ નહિ કરાય તો એનાં જે કંઈ પરિણામ આવશે તેના માટે સરકાર જ જવાબદાર રહેશે તેમ જણાવ્યું છે. જયારે દેશના કેટલાક હિન્દી-અંગ્રેજી અખબારોએ ભુકંપના આ નૂતન નિષ્કર્ષોને પ્રગટ કર્યા છે ત્યારે આ યુગાન્તરકારી નિષ્પતિને માટે કોઈ પણ વિશેષત: એક એક નાગરિક કંઈ રીતે ઉદાસીન રહી શકશે?

આ સંદર્ભમાં 'પૈગ્વિન' ના ૧૯૭૩ ના અંકમાં છપાયેલ "The Secret Life of Planets" (પૃષ્ઠ ૨૬ અને ૮૬) લેખ ને પણ નજર અંદાજ નહિ કરવો જોઇએ. આ લેખમાં ક્રમશ: વૈજ્ઞાનિક બૈકસ્ટર અને ડો. જગદીશચંદ્ર બસુએ બ્રહ્માંડને પરસ્પર સઘન સબદ્ધતા (Inter Conected)નું ઉદાહરણ આપતા સમજાવ્યું છે. ડો. બસુએ રોયલ સોસાયટીના સર માઇકલ ફોસ્ટરને જયારે એમ કહ્યું કે-'ક્ષમા કરો, આ હિંસક પ્રતિક્રિયાનો ગ્રાફ છે!' ત્યારે તેઓ સ્તબ્ધ બની ગયા. (મે-૧૯૦૧) વૈજ્ઞાનિક બસુની આ શોધ એ સિદ્ધ કર્યું કે પૃથ્વીના ગર્ભમાં જે કંઈ છે તે સંવેદનાથી ભરપૂર છે. તેથી એ શક્ય નથી કે આ બહ્માંડમાં જે કંઈ ઘટના બને તેનો એક બીજા પર પ્રભાવ ન પડે. માત્ર એ નિષ્કર્ષ પણ યોગ્ય નથી કે જડ અને ભૌતિક ઘટનાઓ જ વિશ્વ યા બ્રહ્માંડને પ્રભાવિત કરે છે. આ બ્રહ્માંડમાં વસતા જીવો સંબંધી સમસ્ત ઘટનાઓ પણ તેને પ્રભાવિત કરે છે.

આવી સ્થિતિમાં એ કંઈ રીતે શક્ય છે કે વિશ્વમાં કરોડો જીવોને તેની પ્રકૃતિ પ્રદત્ત જીવન જીવવાના અધિકારથી અકાળ વંચિત કરી દેવામાં આવે અને તેને ભયંકર ક્રુરતાથી મોતને ઘાટ ઉતારી દેવામાં આવે અને તેમ છતાં તેની કોઈ પ્રતિક્રિયા નહિ? શું યુદ્ધો, કતલખાનાઓ, હત્યાઓ, અને અન્ય ભયંકર હિંસાઓના તાંડવની આ બ્રહ્માંડ પર કોઈ અસર પડતી નથી? અસર પડે છે, અત્યાધિક અસર પડે છે. એ વાત અલગ છે કે આપણે તેનો અનુભવ નથી કરી શક્તા. આપણી પાસે એ પ્રકારનો અનુભવ કરવાનું કોઈ સાધન નથી. બ્રહ્માંડનો કણ-કણ સંવેદનશીલતાથી ભરપૂર છે. તેથી તે પીડા-તરંગોથી અપ્રભાવિત રહે તે અસંભવ જ છે.

સન ૧૯૮૯ના એક સર્વેક્ષણ અનુસાર ભારતમાં પ્રતિવર્ષ કાયદેસર-ગેરકાયદેસર લગભગ ૧૫ કરોડ પશુઓને માંસાહાર માટે મારી નાંખવામાં આવે છે. ભારતની પ્રતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યક્તિના માંસ ખપત સરેરાશ ૧.૨૫ કિલોગ્રામ છે. જેને વધારીને ૩ કિલોગ્રામ કરવાની જોરદાર કોશિષ કરવામાં આવી રહી છે. ૧.૨૫ કિલોગ્રામ માંસની ખપતની દૃષ્ટિથી ૪,૧૦,૯૮૫ પશુઓની બેરહમ હત્યા પ્રતિદિન થઈ રહી છે. અને જયારે આ સરેરાશ દરરોજની ૩ કિલોગ્રામ થઈ જશે ત્યારે લગભગ ૯,૮૫,૩૬૬ પશુઓની કતલ પ્રતિદિન થશે. આપ શું વિચારો છો કે જયારે આટલા બધા પશુઓ મરી જશે ત્યારે વિશ્વની ધરતી તેના નિસાસાથી અપ્રભાવિત રહેશે ખરી? અને માત્ર એ આવશ્યક નથી કે કતલ જે જગ્યાએ થાય અને યુદ્ધ જે જગ્યાએ ખેલાય તે જગ્યાએ જ તેનો પ્રભાવ રહે, તે અન્યત્ર કોઈ પણ સ્થળે પણ થઈ શકે છે. જબલપુરનો ભુકંપ (૨૨ મે ૧૯૯૭) ઇરાનના ભુકંપના કારણે થયો હોવાનું મનાય છે. વિશ્વના તમામ ભુકંપોની તટસ્થ સમીક્ષા કરવામાં આવે તો સુનિશ્ચિત છે કે ઉપર્યુક્ત તથ્યની સંપુષ્ટી જરૂર થઈ શકે છે.

ધ્યાનમાં રહે કે પ્રકૃતિના પોતાના કાયદા છે જેને સમજવાની આવશ્યકતા છે. એ સ્પષ્ટ છે કે જયારે આપણે કુદરતના કાનુન અગર વ્યવસ્થાનું ઉલ્લંઘન કરીએ છીએ ત્યારે જ દુર્ઘટના થતી હોય છે. વાવાઝોડું આવે છે, તોફાન થાય છે અને મનુષ્યને વ્યાપક સર્વનાશનો સામનો કરવો પડે છે. પ્રકૃતિની સ્વાભાવિક વ્યવસ્થામાં કતલખાના અને યુદ્ધ મનુષ્યની અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અવસ્થા છે. જેના કારણે આપણી વર્તમાન પેઢી તો અભિશાપિત બની જ છે પણ આ સિલસિલો આવો જ રહ્યો તો આવનારી નવી પેઢી પર પણ તેની ભયાનક કાલીમાં છવાઈ રહેશે તેમાં કોઈ સંદેહ નથી.

જેને 'બિસોલોજી' અથવા 'બિસથિયરી' થી ઓળખવામાં આવે છે તે એક મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. જેની વ્યાખ્યા નિશ્ચિત કરવી જોઇએ અને જેને સ્પષ્ટ શબ્દો અને સરલ ભાષામાં લોકો સુધી પહોંચાડવી જોઇએ. જેથી લોકો એ જાણી શકે કે એવું ક્યું કારણ યા કુટનીતિક ચાલ છે કે જેના કારણે તેમને અહિંસા, કરુણા અને સહઅસ્તિત્વના રસ્તા ઉપર ચાલતા રોકવામાં આવે છે. બિસ સિદ્ધાંત કોઈ નૈતિક, સાંસ્કૃતિક યા વાણિજય અભિયાન કે આંદોલન નથી પરંતુ ધરતી માતાને બચાવવા માટેનો અને તેને સુખી-સમૃદ્ધ કરવા માટેનો વૈજ્ઞાનિક સિદ્ધાંત છે.

અમારા આ લેખનો ઉદ્દેશ ઉત્તર કાશી (૧૯૯૧), લાતુર (૧૯૯૩), જબલપુર (૧૯૯૭), અને ભુજ (૨૦૦૧)માં જે ભુકંપ આવ્યો છે તેના કારણોથી લોકોને સતર્ક અને સાવધાન કરવાનો છે. તેથી તેઓ પોતાની સમીક્ષા કરી શકે અને અહિંસામૂલક-માનવીય-સંવેદનશીલતાથી ફાલી-ફુલી સમાજ રચનામાં ભાગીદાર બની દેશ અને દુનિયાની પર્યાવરણ રક્ષા કરે, તેને સ્વચ્છ બનાવે, આશ્ચર્યની વાત એ છે કે જયારે બ્રિટન જેવા વિકસિત દેશોએ ગત્ દાયકામાં પોતાના ૨૫ ટકા કતલખાના પર તાળા વાસી દીધા છે ત્યારે આપણે શહેરી કતલખાનાને ગ્રામીણ કતલખાનાના રૂપમાં રૂપાંતરીત કરવાની એક વ્યવસ્થિત યોજના બનાવી રહ્યા છીએ. જેથી દેશની જે પ્રાકૃતિક સંરચના છે તે છિન્ન-ભિન્ન થઈ જાય અને દેશની જનતા દુષ્કાળ, ભુકંપ, પૂર, અતિવૃષ્ટિ વગેરે ખુની આપત્તિઓનો વારંવાર શિકાર થતી રહે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments From :

**SHAH *Electricals***

**AUTHORISED DISTRIBUTORS**

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250

**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને રવાના કરવામાં સફળતા પામતો નથી.**

**તેમ**

**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**

With Best Compliments From :

***Unique Agencies***

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિવિધ વિચાર સરણીઓ

**લેખક : નરોત્તમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ-મુંબઈ)**

**(ગતાંકથી ચાલુ)**

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના અકાશ્ય અને સનાતન સિદ્ધાંતોને અનેક ધર્મો સ્વીકારે છે. સ્યાદ્વાદ પણ એ સર્વ સિદ્ધાંતોને પ્રેમપૂર્વક આદર આપે છે. સમન્વયની ભાવનાને સ્વાદ્વાદ ઉત્તેજન આપે છે.

સ્યાદ્વાદ સંસ્કૃતિ એ માત્ર જૈન સંસ્કૃતિ છે, એ માન્યતા ભૂલ ભરેલી છે. સર્વ સંસ્કૃતિઓને જાણ્યે-અજાણ્યે, એક સ્વરૂપે અથવા અન્ય સ્વરૂપે, સ્યાદ્વાદ સંસ્કૃતિનો સ્વીકાર કરવો જ પડ્યો છે, પછી ભલે તે સ્યાદ્વાદનો બાહ્ય અને અનાદર અને અલાપ કરે....

આત્માના અસ્તિત્વનો અસ્વીકાર કરનાર, ચૈતન્યનો સ્વીકાર કરે છે. સાથે સાથે અચૈતન્યની ભિન્નતા પણ તેને સ્વીકારવી પડે છે. આત્માને ક્ષણિક માનનાર દર્શન, વાસના રૂપી સાંકળની કલ્પના કરીને, આત્માની સાતત્યતાનો અને શાશ્વતતાનો સ્વીકાર કરે જ છે. જગતને માયા મય દર્શાવનાર દર્શન માયાના અસ્તિત્વને સ્વીકારે છે. જગતને સ્વપ્નમય સમજનાર સંસ્કૃતિ સ્વપ્નના અસ્તિત્વને સ્વીકારે છે. જગતને સ્વપ્નમય સમજનાર સંસ્કૃતિ સ્વપ્નના અસ્તિત્વને સ્વીકારે જ છે. જગતને મિથ્યા માનનાર સંસ્કૃતિ બ્રહ્મની ઉપહાસનાનો બોધ આપીને બોધની ઉત્તમતા અને અસ્તિત્વનો સ્વીકાર કરે છે. સાથે સાથે ઉપાસનાની આવશ્યકતાનો, ઉપાસકના અસ્તિત્વનો અને બોધ આપનાર ઉપદેશકનો, સ્વીકાર કરે જ છે. ઈશ્વરના સગુણ અને નિર્ગુણ, બન્ને પ્રકારના ધ્યાનના સ્વીકારમાં સ્યાદ્વાદનો સ્વીકાર છે. એક જ વ્યક્તિમાં સત્ત્વ, રજસ અને તમસ્ પ્રકૃત્તિનો સ્વીકાર, એ સ્યાદ્વાદનો સ્વીકાર જ છે.

જૈન દર્શન નયની વહેંચણી સાત પ્રકારે પણ કરે છે. તે સાત નય તરીકે ઓળખાય છે. તેના નામ : ૧, નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪. ઋતુસૂત્ર, ૫. શબ્દ, ૬. સમતિરૂઢ, ૭. એવંભૂત.

ઉપરોક્ત સાત નયમાં પ્રથમના ત્રણ નય દ્રવ્યાર્થિક નય છે. અને પછીના ચાર નય પર્યાયાધિક છે. સાત નયના નામમાં, નિશ્ચય નયનું અલગ સ્થાન નથી.

ઉપર મુજબની વહેંચણી સામાન્ય રીતે હોવા છતાં નૈગમ નય સામાન્ય જ્ઞાન અને વિશેષ જ્ઞાન, બન્નેને સ્પર્શે છે. દા.ત.. તે લીમડાના વૃક્ષને વૃક્ષ તરીકે સ્વીકારે છે અને લીમડા તરીકે પણ સ્વીકારે છે. એ દૃષ્ટિએ નૈગમ નય પોતાનામાં વ્યવહાર નય અને નિશ્ચય નય બન્નેનો સમાવેશ કરે છે. નથી એને 'સામાન્યજ્ઞાન'નો આગ્રહ અને નથી એને 'વિશેષ જ્ઞાન'નો આગ્રહ 'વૃક્ષત્વ' રૂપી સામાન્ય તત્ત્વ લીમડામાં છે, વડમાં છે, આમ્રવૃક્ષમાં છે, વિ. અનેક વૃક્ષોમાં છે, એમ નૈગમનય સ્વીકારે છે. સાથે જ લીમડાની વિશિષ્ટતા, વડની વિશિષ્ટતા, આમ્રવૃક્ષની વિશિષ્ટતા અને અન્ય વૃક્ષોની વિશિષ્ટતા પણ તે નય સ્વીકારે છે. નૈગમ નય માનવામાં રહેલાં 'સામાન્ય તત્ત્વોનો' સ્વીકાર કરીને માનવીને માનવી તરીકે સ્વીકારે છે. સાથે નરદત્ત, ઋષિદત્ત અને દેવદત્ત નામના માણસોના સ્વતંત્ર અને વિશિષ્ટ ગુણોને પણ સ્વીકારે છે.

નૈગમ નય લોક વ્યવહારમાં તત્પર છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પદાર્થનો અનેક પ્રકારે સ્વીકાર કરે છે.

**(૨) સંગ્રહ નય :**--સંગ્રહ તરફ આ નયની દ્દષ્ટિ છે. જે વસ્તુઓનો તે સંગ્રહ છે તે વસ્તુઓ તરફ એનું લક્ષ્ય નથી. તેથી તે સામાન્યને નજરમાં રાખે છે; વિશેષને નહિ. એ સભાનતાને મહત્ત્વ આપે છે; વિષમતાને નહિં.

સંગ્રહ તરફ આ નયની નજર હોવાથી તે 'રસોઈ' ને લક્ષ્યમાં રાખે છે; રસોઈની સામગ્રી, શાક, ભાત વિગેરેને નહિ. 'પુસ્તકાલય'ને એ લક્ષ્યમાં લ્યે છે. પરંતુ તેમાંના પુસ્તકોને નહિ. પુસ્તકાલયના વ્યવસ્થાપકને પુસ્તકમાં શું જ્ઞાન ભર્યું છે તેનો ખ્યાલ પણ નથી હોતો.

સંગ્રહ નય 'સામાન્ય'ને જોવે છે તેથી તે 'વનને' જોવે છે. વનમાં અનેક પ્રકારના વૃક્ષો છે, એ તરફ એનું લક્ષ્ય નથી.

ધર્મ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરેથી યુક્ત છે. તેથી જે ધર્મો તે ગુણોને મહત્વ આપે છે તેને તે 'ધર્મ' તરીકે સ્વીકારે છે. અનેક ભિન્ન ભિન્ન ધર્મોની વિષમતા પ્રત્યે એનું લક્ષ્ય નથી.

**(૩) વ્યવહાર નય :**--આ નય લોક વ્યવહારની ભાષાનો સ્વીકાર કરે છે. ઔપચારિક વ્યવહારનો તે સ્વીકાર કરે છે. વસ્તુની વિશિષ્ટતાને તે લક્ષ્યમાં લ્યે છે એ અપેક્ષાએ તે 'વિશેષ' ને મહત્વ આપે છે.

વ્યવહાર ભાષાનો સ્વીકાર કરવાથી, પાણીનો પ્યાલો લાવો, એમ કહેનારને તે યોગ્ય ભાષાપ્રયોગ કરનાર તરીકે લેખે છે. વાસ્તવિક રીતે પ્યાલો પિત્તળનો છે; પાણી તો પ્યાલામાં છે.

વિદેશમાં જનાર વ્યક્તિ હજી ઘરના ચોગાનમાં જ હોય તોપણ 'તે વ્યક્તિ વિદેશ ગઈ' એમ કહેનારને વ્યવહાર નય સત્યવાદી તરીકે ગણે છે. વાસ્તવિક્તા મુજબ વિદેશમાં પ્રવેશ કરતાં તેને સારો એવો સમય નિકળી જવાનો સંભવ હોય છે.

વ્યવહાર નય 'વિશેષ'ને મહત્ત્વ આપે છે. તેથી વસ્તુની વિશેષતાને મહત્ત્વ આપે છે. અનેક રંગના કુંભ હોય ત્યારે, પીળા રંગનો કુંભ લાવો, એમ કહેનારને યોગ્ય કથન કહે છે. માત્ર 'રંગીન કુંભ લાવો.' એમ કહેનાર શ્રોતાને મૂંઝવણમાં મૂકે છે. સંયોગ અનુસાર ક્યારેક સામાન્યને' અને ક્યારેક વિશેષને વ્યવહાર નય સ્વીકારે છે.

**(૪) ઋજુસૂત્ર નય :**--આ નય માત્ર 'વર્તમાન સમય'ને લક્ષ્યમાં લ્યે છે., ન ભૂતકાળને, ન ભવિષ્ય કાલને. વર્તમાન સમયમાં જે રાજગાદી ઉપર બિરાજમાન હોય તે જ રાજવી છે. પદવીથી, 'પદભ્રષ્ટ' બનેલ રાજા અથવા 'યુવરાજને' તે રાજા તરીકે સ્વીકારતો નથી. દત્તક પિતાને આ નય પિતા તરીકે સ્વીકારતો નથી. દત્તક લેનાર પિતાને જ તે પિતા માને છે. છૂટાછેડા લીધેલ 'પત્નીને' આ નય 'પત્ની' તરીકે સ્વીકારતો નથી. વર્તમાનમાં જે 'પત્ની' હોય તેને જ તે 'પત્ની' માને છે.

**(૫) શબ્દ નય :**--શબ્દ નય શાબ્દિક અર્થને લક્ષ્યમાં લ્યે છે. સમાનાર્થ--વાચી શબ્દોને તે એકાર્થ વાચી ગણે છે. 'નૃપ, ભૂપ, ભૂપતિ, રાજવી' વગેરે શબ્દોને સમાનાર્થ વાચી તરીકે ગણીને શબ્દનય તેનો સ્વીકાર કરે છે. તે તે શબ્દોમાં રહેલી વિશિષ્ટતાનો તે સ્વીકાર કરતો નથી.

**(૬) સમભિરૂઢ નય :** આ નય શબ્દોના વિશિષ્ટ અર્થને ધ્યાનમાં લ્યે છે. પ્રજા પાલન કરનાર રાજાને તે નૃપ કહે છે. 'ભૂ'ના પતિને તેં 'ભૂપ' અથવા 'ભૂપતિ' કહે છે, 'નૃપતિ નહિ. પ્રજાને રંજન કરનારને તે 'રાજવી' કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યને નહિ. શબ્દનયથી સમભિરુઢ નયનું ક્ષેત્ર સંકુચિત છે.

(૭) **એવંભૂત નય** :--વસ્તુના વર્તમાન સ્વરૂપ માત્રને જ આ નય લક્ષ્યમાં લ્યે છે. રાજા ત્યારે જ રાજા છે કે જયારે તે રાજસિંહાસન ઉપર બેસીને રાજા તરીકેનું કર્ત્તવ્ય કરતો હોય. ગૃહ-કાર્યમાં ગૂંથાયેલ રાજા, રાજા નથી.

ઘટ, એ ત્યારે જ 'ઘટ' છે કે જયારે તે જળથી ભરાયેલો હોય અને પનિહારીનું શિર શોભાવતો હોય. બાકીના સમયે, માટીમાં અને ઘટમાં કોઈ તફાવત નથી.

એવંભૂત નયનું ક્ષેત્ર અન્ય સર્વ નયના ક્ષેત્રથી વિશેષ સંકુચિત છે.

નયવાદ વસ્તુનું એકાંગી સ્વરૂપ દર્શાવે છે. પૂર્ણ સ્વરૂપ દર્શન એના ક્ષેત્રની બહાર છે. પૂર્ણ સત્ય દર્શાવે છે પ્રમાણ. સર્વ નયના એકીકરણને પ્રમાણ કહી શકાય.

આત્મ-પ્રત્યક્ષ પદાર્થ શંકાથી પર હોય. અલ્પ મતિ માનવીને આત્મ-પ્રત્યક્ષજ્ઞાન ન હોય. અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન વિના આત્મ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ સંભવિત નથી. કેવલી ભગવંતને બધું જ પ્રત્યક્ષ દેખાય છે. તેમનું જ્ઞાન પ્રમાણરૂપ છે. ઈન્દ્રિયની તેમને સહાય નથી.

ઈન્દ્રિય--પ્રત્યક્ષ જ્ઞાન ઈન્દ્રિય ઉપર અવલંબિત છે. ઈન્દ્રિય વિકલ પણ હોય. ઈન્દ્રિય આત્માથી પર છે. માટે ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન પરોક્ષ એમ જૈન દર્શન પ્રરૂપે છે. પરંતુ વિશ્વના વ્યવહારમાં ઈન્દ્રિયથી પ્રાપ્ત થતું જ્ઞાન પ્રત્યક્ષ લેખાય છે. તેથી જૈન દર્શન તેને 'સાવ્યાવહારિક' જ્ઞાનની અપેક્ષાએ 'સાંવ્ય-વ્યવહારિક' પ્રત્યક્ષ જ્ઞાન તરીકે સ્વીકારે છે. તે પણ અપેક્ષાએ પ્રમાણ સ્વરૂપ છે. ચક્ષુ દ્વારા માનવી જે જુવે છે તે તેને મન પ્રત્યક્ષ છે. તેનો અસ્વીકાર ન થાય.

મન દ્વારા માનવી અનુમાન કરે છે. અનુમાનથી પ્રાપ્ત થતું જ્ઞાન પણ પ્રમાણ સ્વરૂપ હોઈ શકે છે. ધૂપને નિરખીને અગ્નિનું અનુમાન થાય છે. મંદિરના શિખરના ધ્વજને નિહાળીને કલ્પના થઈ શકે છે કે તે એક દેવ મંદિર છે. પરિણામે અનુમાનને પ્રમાણ તરીકે સ્વીકૃતિ આપવામાં આવી છે. ઉપમા દ્વારા પણ ક્યારેક પ્રમાણ-જ્ઞાન થાય.

સર્વ દર્શનકારો સ્વ-સ્વના શાસ્ત્રોને આધાર-રૂપ અને સત્ય તરીકે સ્વીકારે છે. ભિન્ન-ભિન્ન શાસ્ત્રોએ દર્શાવેલી બાબતો ક્યારેક પરસ્પર વિરુદ્ધ હોય છે. છતાં શાસ્ત્રોં સત્ય તરીકે સ્વીકારનાર દર્શનકારો 'આગમને' પ્રમાણ તરીકે માને છે. આગમ પ્રમાણ એ પરોક્ષ પ્રમાણ છે. પરંતુ ક્યારેક પ્રત્યક્ષ પ્રમાણ કરતાં પણ આગમ--પ્રમાણને અધિક મહત્વ આપવામાં આવે છે. સૌ પોત પોતાના આગમોને સર્વજ્ઞ કથિત લેખતાં હોઈને, તેઓ સૌ આગમિક સત્યને અંતિમ સત્ય તરીકે સ્વીકારે છે.

જૈન દર્શન એક પદાર્થને સાત પ્રકારે વ્યક્ત કરે છે, તે સાત રીતિને સપ્તભંગી કહેવાય છે. એક વસ્તુ ઘટ સ્વરૂપે અત્ છે તેથી તે પટરૂપે અસત્ છે. તેથી તે સત્ અને અસત્ બન્ને છે. પરંતુ વસ્તુના બન્ને સ્વરૂપ એક સાથે વ્યક્ત થઈ શકતાં નથી માટે તે અપેક્ષાએ અવ્યક્તવ્ય પણ છે.

સપ્તભંગી સાતરૂપ વસ્તુને દર્શાવે છે--તે નીચે મુજબ :

૧. સ્યાત્ અસ્તિ, ૨. સ્યાત્ નાસ્તિ, ૩. સ્યાત્ અસ્તિ-નાસ્તિ, ૪. સ્યાત્ અવક્તવ્ય, ૫. સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય, ૬. સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય, ૭. સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય.

******

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** (તા. ૧-૩-૨૦૦૧ થી અમલમાં)

❖ સેવિંગ્ઝ ૪.૫ %

❖ ફિક્સ ડીપોઝીટ :

૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે ૫.૫ %

૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે ૮ %

૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે ૮.૫ %

૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે ૧૦ %

૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે ૧૦.૫ %

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** (ચેરમેન)

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)


**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેક્ટર)

**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેક્ટર)

**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)

CEL SUVIDHA
Pre-paid Mobile Phone Card

*Anytime - Anywhere - Anybody*




 રી-ચાર્જ કુપન ખરીદો,
મોબાઈલ ફોન કવર/એસેસરીઝ
મેળવવા માટે

....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....

**અમુલખ વિઠ્ઠલદાસ**

૧૫, માધવહીલ, ભાવનગર. ફોન:૪૩૯૨૯૯

વોરાબજાર, ભાવનગર. ફોન: ૫૧૯૪૦૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જે નયને કરુણા તરછોડી, એની કિંમત ફૂટી કોડી...

**—આ. શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**

તૂટી ગયેલ છતવાળા અને બાકોરા પડી ગયેલ દીવાલવાળા મકાનની કિંમત કેટલી? આકર્ષકમાં આકર્ષક લાગતું પણ ઝવેરાત, જો નકલી હોય તો એની કિંમત કેટલી? સૌંદર્યથી હર્યા-ભર્યા પણ સુવાસથી સર્વથા રહિત એવા પુષ્પની કિંમત કેટલી? મીઠાશ વિનાની લાંબી અને લીલી પણ શેરડીની કિંમત કેટલી? હૃષ્ટપુષ્ટ લાગતા પણ પ્રાણ વિનાના શરીરની કિંમત કેટલી?

કહો કે કાંઈ નહી...એને મકાન જ શે કહેવાય કે જેમાં દિવાલ અને છતના ઠેકાણાં જ ન હોય! એને ઝવેરાત જ કેમ કહેવાય કે જે નકલી હોય! એને પુષ્પનું સંબોધન જ શી રીતે થાય કે જે સુવાસરહિત હોય! એ શેરડીને માટે પૈસા ખર્ચાય જ શી રીતે કે જેમાં મીઠાશ જ ન હોય! એ શરીરને હૃષ્ટપુષ્ટ કહેવાય જ શી રીતે કે જેનામાં પ્રાણ જ ન હોય!

બસ, જે વાત આ બધા પદાર્થો માટે છે એ જ વાત નયન માટે છે. નયન ખરા પણ જો એમાં કરુણા ન હોય તો એ નયનની કિંમત ફૂટી કોડીની! આપણી નજરમાં નયન મૂલ્યવાન છે, જ્ઞાનીઓની નજરમાં કરુણા મૂલ્યવાન છે...સુવાસ હોય તો પુષ્પનું જેમ ગૌરવ છે તેમ કરુણા હોય તો નયનનું ગૌરવ છે.

દુ:ખીને જોઇને જેની આંખોમાં કરુણા ન ઊભરાય...લાચાર જીવોને જોઇને જેની આંખોમાં સ્નેહ ન ઉભરાય...પાપીઓને જોઇને જેની આંખોમાં વાત્સલ્ય ન ઉભરાય એ નયન આશીર્વાદરૂપ નથી પણ શાપરૂપ છે. કલ્યાણકારક નથી પણ ઘાતક છે.

કદાચ કહેવું હોય તો એમ કહેવાય કે જેમ સુવાસના હિસાબે જ પુષ્પની કિંમત છે, મીઠાશના હિસાબે જ શેરડીની કિંમત છે તેમ કરુણાના હિસાબે જ નયનની કિંમત છે. સુવાસ જ ન હોય તો પુષ્પ અને પથ્થરમાં જેમ લાંબો ફેર નથી, મીઠાશ જ ન હોય તો શેરડી અને લાકડીમાં કોઈ મહત્વપૂર્ણ તફાવત નથી તેમ કરુણા જ ન હોય તો નયનમાં અને અંધાપામાં કોઈ અગત્યનો ફેર નથી.

ખૂબ ગંભીરતાથી આ હકીકતને વિચારવાની જરૂર છે. નયન તો આપણી પાસે, પણ એ જેના કારણે પ્રશંસાનું કારણ બન્યા છે એ કરુણાનું સ્વામિત્વ આપણી પાસે છે ખરું?

કવિઓએ પુષ્પનાં વખાણ સૌંદર્યના કારણે નથી કર્યા પણ સુવાસના કારણે જ કર્યા છે એ જ રીતે અનંતજ્ઞાનીઓએ નયનના વખાણ એ બરાબર જોઈ શકે છે માટે નથી કર્યા પણ એ કરુણાના કારણે સારું જોઈ શકે છે માટે જ કર્યા છે.

એક વાત ખાસ યાદ રાખજો કે કરુણા વિનાના નયનો કદાચ બરાબર જોઈ શકે છે પણ સારું જોવા માટે તો કરુણાસભર નયનો જ કામ લાગે છે. સ્વચ્છ નયન હોય તો ભિખારી બરાબર દેખાય છે પણ કરુણાસભર નયન હોય તો ભિખારીના દુ:ખ, લાચારી અને વ્યથા પણ દેખાય છે અને સાથોસાથ પોતાનામાં રહેલી એ વ્યથાને દૂર કરવાની ક્ષમતા પણ દેખાય છે.

આપણે નયનને સાચવીએ છીએ, ખૂબ સાચવીએ છીએ...એ સાચવવા જેવા જ છે...ના નથી...પણ બરાબર જોવા માટે કે સારું જોવા માટે?

પરમાત્મા મહાવીરદેવના નયને ચંડકૌશિક સર્પને બરાબર નથી જોયો, સારા તરીકે જોયો છે. જો કેવળ બરાબર જ જોયો હોય તો એ દુષ્ટ દેખાત... ક્રોધાવિષ્ટ દેખાત...વેરી દેખાત...હત્યારો દેખાત...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે એ બધાય લક્ષણો એનામાં પ્રગટરૂપે વિદ્યમાન હતા...પણ ના...પરમાત્મા મહાવીરદેવ એટલું જ જોઈને ન અટક્યા...એમના કરુણાસભર નયને આગળ પણ જોયું.

ચંડકૌશિકનો આત્મા જોયો...એની કર્મપરવશ દશા જોઈ, અનંતગુણોનું એનું સ્વામિત્ત્વ જોયું અને એને ધ્યાનમાં રાખીને જ એ તારકે પોતાની કરુણાસભર દૃષ્ટિ એના પર ફેંકી અને ચમત્કાર સર્જાયો. પરમાત્માની હત્યા કરવા તૈયાર થઈ ગયેલો ચંડકૌશિક પોતાના શરીર પર ચડેલી કીડીઓને બચાવવા જાતે ખતમ થઈ જવા તૈયાર થઈ ગયો. કરુણાસભર પરમાત્મા નયને એ ખુદ કરુણાસભર બની ગયો.

હા...આ જ વાસ્તવિક રહસ્ય છે...જેમ પુષ્પ દેખાય છે પણ સુવાસ અનુભવાય છે તેમ નયન દેખાય છે પણ કરુણા અનુભવાય છે.

આના સંદર્ભમાં જ એક વાત સમજી રાખજો કે કરુણા હંમેશા સક્રિય હોય છે. આંખમાં કરુણા ઊભરાય પછી છતી શક્તિએ નિષ્ક્રિય બન્યા રહેવું મુશ્કેલ છે. અરે, કહેવું હોય તો એમ કહી શકાય કે જેના પ્રત્યે કરુણા ઊભી થઈ હોય એનું દુઃખ દૂર કરવાના શક્તિ અનુસાર પ્રયત્નો થાય તો જ એ કરુણા કરુણા છે નહિતર એક જાતની આત્મવંચનાછે.

નયનમાં ઈર્ષાના, દ્વેષના, દુર્ભાવના, વાસનાના, ક્રૂરતાના ઝેર સંઘરીને તો આપણે અનંતાભવો પસાર કર્યા છે. આવો, આ ભવમાં એ નયનમાં ઈર્ષાદિના સ્થાને કરુણાના, વાત્સલ્યના, સ્નેહના, સહૃદતાના અમૃતને ગોઠવી દઈએ....

કરુણાહીન નયન જો ફૂટી કોડીનાં છે તો કરુણા સભર નયન તો અબજોની કિંમતના છે... જીવન જો ઊંચું મળ્યું છે તો નયનને નીચા રાખીએ એ તો ચાલે જ શી રીતે?

*(કહેવાનો સમજવા જેવો મર્મ પુસ્તકમાંથી સાભાર)*

*રજૂઆત : મુકેશ સરવૈયા.*

## ફોર્મ નં. ૪ નિયમ ૮

(૧) **પ્રકાશન સ્થળ** : શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

(૨) **પ્રકાશન અવધિ** : માસિક

(૩) **મુદ્રક : પ્રકાશક** : માલિક : શ્રી જૈન આત્માનંદ સભા–ભારતીય
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

(૪) **તંત્રીનું નામ** : પ્રમોદકાંત ખીમચંદ શાહ–ભારતીય.
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર–૩૬૪૦૦૧

હું પ્રમોદકાંત ખીમચંદ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તા.૧૬-૩-૨૦૦૧

તંત્રી
પ્રમોદકાંત ખીમચંદ શાહ
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તીર્થંકરોના જીવનમાં જોવા મળતા દસ અચ્છેરાં !

**લેખક : કુમારપાળ દેસાઈ**

જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોના જીવનમાં દસ આશ્ચર્યજનક ઘટનાઓ મળે છે. આ આશ્ચર્યજનક ઘટનાઓ 'અચ્છેરું' કહેવામાં આવે છે

આવા ત્રણ આશ્ચર્યો અગાઉ જોઈ ગયા. હવે બાકીના આશ્ચર્યો અર્થાત્ અચ્છેરા પર દૃષ્ટિપાત કરીએ.

**ચોથું અચ્છેરું** : આ અવસર્પિણીકાળમાં ઓગણીસમા તીર્થંકર મલ્લિકુમારી સ્ત્રી-દેહે તીર્થંકર થયાં. મલ્લિકુમારીનો આત્મા પૂર્વ ભવમાં એક રાજાનો આત્મા હતો. તેમણે પોતાના મિત્રો સાથે દીક્ષા લીધી અને વિશિષ્ટ તપ દ્વારા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. પરંતુ માયાના કારણે એમને સ્ત્રી-દેહ પ્રાપ્ત થયો. સ્ત્રી-દેહમાં આટલો આત્મવિકાસ અને આટલો પુરુષાર્થ એક સ્વયં આશ્ચર્ય ગણાય. મલ્લિકુમારીને પરણવા આવેલા છ રાજાઓ એના પ્રેરક ઉદ્બોધનથી અને પાછલા જન્મની વાતોથી રાજકુમારી મલ્લિને પરણવાનો વિચાર છોડીને ચારિત્ર સ્વીકારવાની તૈયારીમાં ડૂબી જાય છે. રાજકુમારી મલ્લિ દીક્ષા લેતાં જ મનઃપર્યવજ્ઞાની થયા. દીક્ષાના દિવસે જ તેમને સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ. અવસર્પિણી કાળમાં સૌથી ઓછી છદ્મસ્થ અવસ્થામાં ચારિત્રપર્યાય પાળનાર તેઓ બન્યા અને લાંબા સમય સુધી ધર્મની પ્રભાવના કરીને એમણે સિદ્ધત્વ પ્રાપ્ત કર્યું. આમ મિથિલાના રાજા કુંભરાજાની કન્યા મલ્લિ રાજકુમારીએ તીર્થંકરરૂપે તીર્થ પ્રવર્તાવ્યું એ ચોથું આશ્ચર્ય.

**પાંચમું અચ્છેરું** : મુનિસુવ્રત સ્વામીના સમયમાં કૃષ્ણ વાસુદેવ અને કપિલ વાસુદેવે સામસામાં શંખ ફુક્યા. સામાન્ય રીતે એક ક્ષેત્રમાં બે વાસુદેવ કદી ભેગા જ ન થાય. જ્યારે અહીં તો બે વાસુદેવોના શંખનો આવાજ અથડાતાં બંનેનું શંખનાદરૂપે મિલન થયું. આવો બનાવ પૂર્વે બન્યો ન હોતો તે માટે એ આશ્ચર્યકારક ગણાય. અવસર્પિણી કાળમાં થયેલાં દસ આશ્ચર્યોમાંથી પાંચ આશ્ચર્યો ભગવાન મહાવીર સ્વામીના સમયમાં મળે છે.

**છઠ્ઠું અચ્છેરું** : ભગવાન મહાવીરસ્વામીના જીવનમાં કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી પણ ઉપસર્ગ થયા હતા. છદ્મસ્થ અવસ્થા એમને ઘણા ઉપસર્ગ થયા હતા. પરંતુ કેવળજ્ઞાન પામ્યા પછી અન્ય તીર્થંકર ભગવંતોને ઉપસર્ગ થતા નથી. એમના પ્રભાવ માત્રથી જ સર્વ ઉપદ્રવો શમી જતા હોય છે, પરંતુ ભગવાન મહાવીરના જીવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ એમના શિષ્ય ગોશાલકે તેજોલેશ્યાનો ઉપયોગ કર્યો હતો. તેજોલેશ્યાની પ્રચંડ ગરમીને કારણે ભગવાન મહાવીરને પિત્તનો પ્રકોપ થતાં સતત લોહીના ઝાડાની ભયંકર વેદના...સહન કરવી પડી હતી. રેવતીએ બનાવેલા નિર્દોષ બીજોરા પાકના સેવનથી લોહીના ઝાડા બંધ થયા પરંતુ કેવળજ્ઞાન પછી મહાવીરસ્વામીને થયેલો ઉપદ્રવ આશ્ચર્યજનક બિના ગણાય.

**સાતમું અચ્છેરું** : અગાઉના કોઈ તીર્થંકરના જીવનમાં ગર્ભહરણની ઘટના બની નથી, પરંતુ શ્રી મહાવીર પ્રભુના ગર્ભનું સંક્રમણ દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલાની કુક્ષિમાં થયું તે છે મહાવીરના જીવનનું બીજું આશ્ચર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આઠમું અચ્છેરું :** ભગવાનની દેશના કોઈપણ વખતે નિષ્ફળ જતી નથી. આ અવસર્પિણી કાળમાં ભગવાન મહાવીરસ્વામીએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ દેવોએ રચેલા સમવસરણમાં દેશના આપી. પરંતુ કોઈપણ જિવને વિરતિનો પરિણામ જાગ્યો નહી. આથી તીર્થંકરની પ્રથમ દેશના નિષ્ફળ જાય એ જ આશ્ચર્યકારક ઘટના બની.

**નવમું અચ્છેરું :** કૌશામ્બી નગરમાં ભગવાન મહાવીરસ્વામી આવ્યા હતા. આ સમયે સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાનમાં એમના દર્શને ગયા. સામાન્ય રીતે સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાનમાં સાથે જતા નથી. જો એમ થાય તો ચારેબાજુ અંધકાર ફેલાઈ જાય. અહીં મહાવીરને વંદન કરવા માટે સૂર્ય અને ચંદ્ર પોતાના વિમાન સાથે ઊતરી આવ્યા એ આશ્ચર્યકારક ઘટના ગણાય.

**દસમું અચ્છેરું :** તે ચમરેન્દ્રનો ઉત્પાત. ઘટના એવી બની હતી કે પુરણ્ય નામના ઋષિ તપશ્ચર્યા કરીને અસુરોનો ઈન્દ્ર ચમરેન્દ્ર થયો હતો. આ ચમરેન્દ્ર સૌધર્મેન્દ્રના આત્મરક્ષક દેવોને ત્રાસ આપતો ઉચે ચડ્યો. આ સમયે ઈન્દ્રે પોતાનું વજ્ર ફેંકતાં જીવ મુઠ્ઠીમાં લઈને ભાગતો ચમરેન્દ્ર પ્રભુ મહાવીરના શરણે આવ્યો. અવધિજ્ઞાનથી ઈન્દ્રને જાણ થતાં માત્ર ચાર આંગળ વજ્ર છેટું હતું તે ઈન્દ્રએ પાછું ખેંચી લીધું અને ચમરેન્દ્રને કહ્યું કે આજ તો તું ભગવાનને શરણે ગયો છે તેથી તને જવા દઉં છું. આ ચમરેન્દ્રએ જે ઊર્ધ્વગમન કર્યું તેને આશ્ચર્ય ગણવામાં આવે છે.

આ રીતે દસ આશ્ચર્ય (અચ્છેરાં) જુદા જુદા તીર્થંકરોના સમયમાં સર્જાયા.

*(ગુજરાત સમાચાર દૈનિક તા.૨૪-૬-૯૯ ના આગમ - નિગમ વિભાગમાંથી સાભાર...)*

## કરુણાનો કલરવ

**કરુણા-ભાવનાની કલ્યાણકારી પ્રક્રિયા :**

**શાંત ચિત્તે અને કોમળ હૈયે આવી ભાવના દિગંતમાં વહેતી મૂકો :**

**જન્મ-જરા-મરણનાં ચકકરમાં અનંત જીવો કેવા રઝળી રહ્યા છે ! સહુનો છૂટકારો થાઓ.**

**આધિ-વ્યાધિ-ઉપાધિની ચકકીમાં જગતના જીવો કેવા પીસાઈ રહ્યા છે ! સહુ દુઃખમુક્ત બનો.**

**ચાર ગતિનાં ચોગાનમાં જીવને કેવા નાટકો ભજવવા પડે છે !**

**કેવી વિડંબના ! સહુ જીવો આ વિડંબનાથી મુક્ત બનો.**

**દરિદ્ર જીવોની દરિદ્રતા દૂર થાઓ, સહુને સન્માર્ગની પ્રાપ્તિ થાઓ.**

**સહુને સમકિતની પ્રાપ્તિ થાઓ, સહુ સદાચારી બનો.**

**સહુ દયાળુ બનો, સહુને સમાધિ મળો, સહુ ભયમુક્ત બનો.**

**સહુ સંતાપમુક્ત બનો, સહુ ચિંતામુક્ત બનો.**

For Private And Personal Use Only

A L A N K A R



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

**ALANKAR FURNITURE**

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



*Bela*

*Exclusive Sari Show-Room*

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294


*With Best Compliments*

*From*

# JACOB ELECTRONICS PVT. LTD.

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ પાર્શ્વ વંદના ❀

*-મુનિ મુક્તિવલ્લભવિજયજી મ.સા.*

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવંતના ૧૦૮ નામોનું પારાયણ કરવું તે પણ એક ઉત્તમ આરાધના છે. ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતનું નામસ્મરણ કરીને વંદના કરીએ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શંખેશ્વરા | ૨૮ | કલ્હારા | ૫૫ | કંકણ | ૮૨ | સિરોડિયા |
| ૨ | કલિકુંડ | ૨૯ | અમીઝરા | ૫૬ | મહાદેવા | ૮૩ | હમીરપુરા |
| ૩ | શેરીસા | ૩૦ | પ્રગટપ્રભાવી | ૫૭ | કંબોઈયા | ૮૪ | પોસલી |
| ૪ | અજાહરા | ૩૧ | વિમલ | ૫૮ | ધિંગડમલ્લ | ૮૫ | કરહુલિકા |
| ૫ | ભદ્રેશ્વર | ૩૨ | સ્તંભન | ૫૯ | વાડી | ૮૬ | દાદા |
| ૬ | નાકોડા | ૩૩ | કંસારી | ૬૦ | નારંગા | ૮૭ | સેસલી |
| ૭ | જીરાવલા | ૩૪ | રત્નચિંતામણી | ૬૧ | ટાંકલા | ૮૮ | સોગઠીયા |
| ૮ | રાણકપુર | ૩૫ | સોમચિંતામણી | ૬૨ | ચંપા | ૮૯ | નવલખા |
| ૯ | વરકાણા | ૩૬ | ભુવન | ૬૩ | ગંભીરા | ૯૦ | સ્વયંભૂ |
| ૧૦ | ફલવૃદ્ધિ | ૩૭ | શામળા | ૬૪ | મનમોહન | ૯૧ | વિજયચિંતામણી |
| ૧૧ | નાગેશ્વર | ૩૮ | મુલેવા | ૬૫ | જોટીંગડા | ૯૨ | મંડોવરા |
| ૧૨ | અવંતિ | ૩૯ | હ્રીંકાર | ૬૬ | શંખલા | ૯૩ | કરેડા |
| ૧૩ | ઉવસગ્ગહરં | ૪૦ | સુખસાગર | ૬૭ | ગાડલીયા | ૯૪ | વહી |
| ૧૪ | સમેતશિખર | ૪૧ | પદ્માવતી | ૬૮ | નવખેડા | ૯૫ | સમીના |
| ૧૫ | અંતરિક્ષ | ૪૨ | મુહરી | ૬૯ | દોકડિયા | ૯૬ | ચંદા |
| ૧૬ | કેસરીયા | ૪૩ | પોસીના | ૭૦ | ચોરવાડી | ૯૭ | રાવણ |
| ૧૭ | લોઢણ | ૪૪ | વિઘ્નાપહાર | ૭૧ | નવપલ્લવ | ૯૮ | કલ્પદ્રુમ |
| ૧૮ | ભીડભંજન | ૪૫ | સ્ફૂલિંગ | ૭૨ | બરેજા | ૯૯ | કુકડેશ્વર |
| ૧૯ | ચારૂપ | ૪૬ | નાગફણા | ૭૩ | અમૃતઝરા | ૧૦૦ | કામિતપૂરણ |
| ૨૦ | પંચાસરા | ૪૭ | કલ્યાણ | ૭૪ | સપ્તફણા | ૧૦૧ | અલૌકિક |
| ૨૧ | ભટેવા | ૪૮ | મનોરંજન | ૭૫ | ભાભા | ૧૦૨ | મક્ષી |
| ૨૨ | નવસારી | ૪૯ | સુલતાન | ૭૬ | ધૃતકલ્લોલ | ૧૦૩ | વારાણસી |
| ૨૩ | ઉમરવાડી | ૫૦ | ડોલસા | ૭૭ | ભયભંજન | ૧૦૪ | જગવલ્લભ |
| ૨૪ | સહસ્રફણા | ૫૧ | પલ્લવીયા | ૭૮ | લોપ્રવા | ૧૦૫ | ગિરૂઆ |
| ૨૫ | દુ:ખભંજન | ૫૨ | ભીલડીયા | ૭૯ | સંકટહરણ | ૧૦૬ | મનોવાંછિત |
| ૨૬ | સૂરજમંડન | ૫૩ | આનંદા | ૮૦ | કુંકુમરોલ | ૧૦૭ | ચિંતામણી |
| ૨૭ | વિઘ્નહરા | ૫૪ | કોકા | ૮૧ | આશાપુરણ | ૧૦૮ | ગોડી |

નોંધઃ આ દરેક નામની સાથે પાર્શ્વનાથ લગાડીને વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चित्तरत्नमसंक्लिष्टमान्तर परमं धनम् ।
तदासादितवान् मर्त्योऽकिञ्चनःसन् महेश्वरः ॥

卐

ક્લેશોથી મુક્ત એવું ચિત્તરત્ન એ મોટામાં મોટું આન્તરિક ધન છે. એ જેણે પ્રાપ્ત કર્યું છે તે અકિંચન (નિર્ધન) છતાં મહેશ્વર (મહાન્ ઐશ્વર્યશાલી) છે. ૩૩

卐

The gem-like mind free from all the impurities of passions, is the internal wealth of the highest type. He who has gained this gem, is, indeed, +Maheshvara though penniless. 33

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫, ગાથા-૩૩, પૃષ્ઠ ૯૬)*

卐

+ The greatest of the rich, a great lord or a supreme one.

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only